Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૦ ● સળંગ અંક : ૧૦૯૮ ● પ્રકાશિત તા-૭-૧-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# સોમનાથના આંગણે સ્વાભિમાનનો શંખનાદ..!!

પ્રભાસ પાટણની પવિત્ર ભૂમિ સોમનાથ ખાતે આગામી ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સ્વાભિમાન પર્વની અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવશે. આ મહોત્સવને સફળ બનાવવા માટે ગુજરાતના મંત્રી હર્ષ સંઘવીએ જાતે જ સદભાવના ગ્રાઉન્ડ અને અન્ય સ્થળોની મુલાકાત લઈ સુરક્ષા અને વ્યવસ્થાની સમીક્ષા કરી છે. ઐતિહાસિક રોડ-શો અને સ્વાભિમાન યાત્રા આ કાર્યક્રમનું સૌથી મોટું આકર્ષણ હશે. સોમનાથના ઈતિહાસમાં પ્રથમ વખત વડાપ્રધાન ૧૦૮ અશ્વોના શાહી કાફલા સાથે 'સ્વાભિમાન યાત્રા' યોજશે, જે સોમનાથ મંદિરથી સદભાવના ગ્રાઉન્ડ સુધી નીકળશે. ૧૦ જાન્યુઆરીની સાંજે વડાપ્રધાન સોમનાથ પહોંચશે, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ૧૧ જાન્યુઆરીએ વહેલી સવારે સોમનાથ દાદાને જળાભિષેક, ધ્વજાપૂજા અને સોમેશ્વર મહાપૂજા કરશેસોમનાથ કોરિડોર વડાપ્રધાનની આ મુલાકાત માત્ર ધાર્મિક જ નહીં પણ વિકાસની દ્રષ્ટિએ પણ મહત્વની છે. સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠકમાં 'સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ' પર મોટો નિર્ણય લેવાય તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટની ફાઈનલ ડિઝાઈન પર મંજૂરીની મહોર વાગી શકે છે, જે સોમનાથના કાયાકલ્પમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત અને ધાર્મિક વિધિ આ કાર્યક્રમને પગલે સમગ્ર સોમનાથમાં ૩૫૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરી લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૧૧ જાન્યુઆરીની વહેલી સવારે વડાપ્રધાન સોમનાથ મહાદેવના ચરણે શીશ નમાવશે. તેઓ પરંપરાગત રીતે જળાભિષેક, ધ્વજાપૂજા અને સોમેશ્વર મહાપૂજા કરી રાષ્ટ્રની સુખાકારી માટે પ્રાર્થના કરશે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

UTTRAYAN SPECIAL OFFER
UTTARAYAN SPECIAL
Rs.100/- માં 1 ગોગલ્સ
*Condition Apply
Upto 15 Jan2026
દરેક કંપનીના સન ગ્લાસ અને બ્રાન્ડેડ ફ્રેમ મળશે
Janam OPTICS
Chashme ka adda ®
શોપ-૧, આદિત્ય આઈકોન, શ્રીજી હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
M : 91046 96975

ઉત્તરાયણ નિમિત્તે
દર રવિવારે
સ્પે. ઉંધિયું
લીલવાની કચોરી-શુદ્ધ ઘીની જલેબી
ઉત્તરાયણના દિવસે જૈન ઉંધિયું અને સ્વામીનારાયણ ઉંધિયું મળશે
સ્પેશ્યલ નમકીન
પંકજભાઈ નાગર
આશિષભાઈ નાગર
સ્પેશ્યલ ચવાણું
(જુના અને જાણીતા)
જયશ્રી ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે, નવાવાડજ, અમદાવાદ.
શુભ પ્રસંગે તથા લગ્નપ્રસંગે પાર્ટી ઓર્ડર લેવામાં આવશે

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## લારી ગલ્લા, નાના વેપારીઓના દબાણ ઉઠાવી બહાદુરી બતાવનાર મ્યુ કોર્પોરેશન

# પશ્ચિમની અનેક સ્કુલોના ટેરેસ પર ગેરકાયદે શેડ...કાર્યવાહી ક્યારે કરશે...?

### નવા વાડજ, નિર્ણયનગર, નારણપુરા સહિત પશ્ચિમની અનેક સ્કુલો અને હોસ્પીટલના ટેરેસ ઉપર મસમોટા ગેરકાયદે શેડ બનાવી બિન્દાસ્ત કોમર્શિયલ ઉપયોગ કરી રહ્યા છે ત્યારે મ્યુ કોર્પોરેશનનું એસ્ટેટ વિભાગ આ મુદ્દે ચૂપ કેમ છે...કાર્યવાહીના નામે ઝીરો...!!!

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : અમદાવાદમાં પાર્કિંગ પોલીસીને લઈને મ્યુ કોર્પોરેશનનું એસ્ટેટ વિભાગ (દબાણ ખાતું) હરકતમાં આવ્યું છે.

હાઈકોર્ટની ફિટકાર બાદ મ્યુ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરમાં સાતેય ઝોનમાં રોડ પરના આડેધડ દબાણ હટાવવાની કામગીરી પુરજોશથી ચાલી રહી છે ત્યારે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વિવિધ વોર્ડમાં અનેક સ્કુલો, હોસ્પીટલો અને ખાનગી કોમ્પલેક્ષોના ગેરકાયદે શેડ બનાવી ગેરકાયદે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એમાંય ખાસ કરીને સ્કુલોમાં ગેરકાયદે શેડ મુદ્દે મ્યુ કોર્પોરેશનની રીતિ નીતિથી સવાલો ઉપસ્થિત રહ્યાં છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના પશ્ચિમ ઝોનમાં નવા વાડજ, સ્ટેડીયમ વોર્ડ, નિર્ણયનગર અને નારણપુરા વિસ્તારોમાં આવેલ અનેક સ્કુલો ટેરેસ ઉપર ગેરકાયદે શેડ નાના રૂમો બનાવી સ્કુલો બિન્દાસ્ત કોમર્શિયલ ઉપયોગ કરી વિદ્યાર્થીઓના જીવન સાથે ચેડા કરતા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અનેક કોમ્પલેક્ષમાં હોસ્પીટલો દ્વારા ટેરેસ પર મસમોટા ગેરકાયદે શેડ બનાવી કોમર્શિયલ ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે નાના લારી ગલ્લા, નાના વેપારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરતી અમદાવાદ મ્યુ કોર્પોરેશનને સમગ્ર મામલે જાણ હોવા છતાં આ મુદ્દે આંખ આંડા કાન કરી રહ્યું છે, જયારે સ્થાનિક કક્ષાએ કોઈ વિરોધ કરવામાં આવે છે ત્યારે માત્ર નોટીસ આપી કામગીરી ચાલું હોવાનો દેખાવ કરવામાં આવે છે જયારે કેટલાંક કિસ્સામાં ફરિયાદીની અરજીનો કોઈ જવાબ કે કોઈ કાર્યવાહી નહીં કરીને અરજી રફે દફે કરવામાં આવે છે.

એસ્ટેટ વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ કેટલાંક જગ્યાએ તો રીતસરનું ચુંટાયેલ પાંખ અને મ્યુ.કોર્પોરેશનના સત્તાધીશો દ્વારા સેટીંગ કરીને મસમોટી રકમ પડાવીને ગેરકાયદે બાંધકામને વિરુધ્ધ આંખ આડા કાન કરવામાં આવે છે.જયારે અનેક કિસ્સામાં તો સ્થાનિક કાઉન્સીલરની ભલામણને કારણે ખુલ્લેઆમ આ પ્રકારના સ્કુલોના ગેરકાયદે શેડ મુદ્દે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોનાકાળ પહેલા એટલે ૨૦૧૯માં સમગ્ર વર્ષ દરમ્યાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એસ્ટેટ વિભાગ દ્વારા ડિમોલિશન ડ્રાઈવ રાખવામાં આવી હતી, જેમાં પશ્ચિમના સહિત શહેરના અનેક વિસ્તારોમાં આ ડ્રાઈવ હેઠળ વધારાના અનો ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવવામાં આવ્યા હતા.પરંતુ આ ડ્રાઈવ હેઠળ સ્કુલો અનો હોસ્પીટલોના ટેરેસ પર ગેરકાયદે ઠોકી બેસાડેલ શેડ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી.ત્યારે આ પ્રકારના ગેરકાયદે શેડો વિરુદ્ધ એસ્ટેટ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાય તેવી લોકમાંગ છે.

## નવાવાડજમાં રહેતા અગ્રણી લેખક અવિનાશ પરીખને 'ડોક્ટ્રેટ' પદવીથી સન્માનિત કરાયા

(માનવ જોષી દ્વારા) અમદાવાદ : આપણો નવાવાડજ વિસ્તાર સામાન્ય નાગરિકોથી અજાણ એવી વિરલ પ્રતિભાઓનો સાક્ષી છે એમ કહીએ, તો આવી જ એક પ્રતિભા એટલે શ્રી અવિનાશ પરીખ કે જેવો ભાવસાર હોસ્ટેલ પાસે આવેલ સ્ટેટ બેન્ક કો ઓ.સોસાયટીના રહીશ છે. આવો, આજે તેમનામાં રહેલ એક ઉત્તમ કોટીના લેખક, કવિ અને સ્ક્રીપ્ટ રાઈટરની ઓળખાણ કરીએ..



૧૩ વર્ષની તરુણાવસ્થામાં જ નવલકથા અને બાળસાહિત્યનું સર્જન કરનાર શ્રી અવિનાશ પરીખ, આજની તારીખમાં ૭૩ વર્ષે પણ લેખન કાર્યમાં અતિ સક્રિય છે. બાળપણથી જ તેમના પિતાશ્રી અને કાકાએ આપેલ વાચનના સંસ્કાર તેમની આ કલાને ખીલવવામાં ખૂબ મહત્વનો ભાગ ભજવી ગયા. લગભગ ૧૨૫ પુસ્તકો જેમના નામે પ્રકાશિત થયા છે, તેવા શ્રી અવિનાશ પરીખને ચાર ગુજરાતી સાહિત્ય એકેડેમી એવોર્ડથી ગુજરાત સરકારે સન્માનિત કરેલ છે. તાજેતરમાં જ તેમના આ એવોર્ડ્સના સંકલનને દીપાવે તેવો વિશિષ્ટ એવોર્ડ ગાંધી ફાઉન્ડેશન જયપુર તરફથી એનાયત કરવામાં આવ્યો છે.. તેમના ગુજરાતી સાહિત્યના પ્રધાન માટે શ્રી અવિનાશ પરીખને 'ડોક્ટ્રેટ' જેવી મહાન પદવી ગાંધી ફાઉન્ડેશને પ્રદાન કરેલ છે.

ગુજરાતી ભાષાની સાથે સાથે શ્રી અવિનાશ પરીખે ઈંગલિશ અને હિન્દી ભાષામાં ફિલ્મની સ્ક્રીપ્ટ લખેલ છે. આ સ્ક્રિપ્ટ રાઈટીંગનો કોર્સ તેમણે યુવાવસ્થામાં મુંબઈથી પૂર્ણ કરેલ છે. વાચન અને લેખનના શોખીન એવા અવિનાશભાઈ ને પૂછો કે આ કલાની સાથે બીજું શું તમને આકર્ષિત કરે છે? તો તેમનું કહેવું છે કે તેમને જુના ફિલ્મી ગીતો અતિ પ્રિય છે અને જ્યોતિષ વિદ્યામાં પણ તેમણે એક વિશેષ કક્ષા સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરેલ છે. ઘણીવાર ઘરે આવતા મિત્રો, સ્નેહીજનો તથા પડોશીઓને જરૂર જણાય તો જ્યોતિષ વિદ્યા થકી નિઃશુલ્ક માર્ગ બતાવવાની સેવા તેઓ વર્ષોથી કરી રહ્યા છે.. સાંપ્રત સમયમાં વિભક્ત કુટુંબ પ્રથા જ્યારે આકાર લઈ રહી છે ત્યારે, ૭૩ વર્ષની ઉંમરે પણ શ્રી અવિનાશભાઈ તેમના ભાઈ સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે.. ઘણા ફૂલો એવા હોય છે કે જે તેમની સુગંધથી જ ઓળખાય છે.. એવા જ પુષ્પ સમાન શ્રી અવિનાશભાઈ પરીખને કોટી કોટી વંદન..

**અમદાવાદ મેડિકલ એસો.ની એડવાઈઝરી**

## ઉત્તરાયણ પર્વ પર લોકોને સુરક્ષિત રહેવા અપીલ..!

ઉત્તરાયણ પર્વનો તહેવાર નજીક આવી રહ્યો છે, ત્યારે ઉત્સાહની સાથે સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી છે. દર વર્ષે પતંગના જીવલેણ દોરાને કારણે અનેક ગંભીર અકસ્માતો સર્જાય છે. આ બાબતને ધ્યાને રાખીને અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA) દ્વારા એક સલામતી સૂચના જાહેર કરવામાં આવી છે. અમદાવાદમાં દર વર્ષે પતંગની ઘાતક દોરી એટલે કે માંજાને કારણે ગળા, ચહેરા અને શરીરની મુખ્ય રક્તનાળીઓ પર ગંભીર ઈજાઓ પહોંચવાના કિસ્સાઓ સામે આવે છે. આ જોખમને ટાળવા માટે AMAના પ્રમુખ ડૉ. જીગ્નેશ શાહ અને માનદ સચિવ ડૉ. મૌલિક શેઠે નાગરિકોને કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરી છે.

અમદાવાદ મેડિકલ એસોસિએશને જાહેર કરેલી સૂચના

દોરીની પસંદગીમાં કાચ પાલેલા, નાયલોન, ધાતુ અથવા ચાઈનીઝ માંજાનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવો.

પતંગ ઉડાવવા માટે ફક્ત સાદો કપાસનો દોરો જ વાપરવો, કારણ કે ખતરનાક માંજાનો ઉપયોગ કાયદેસર ગુનો છે.

વાહનચાલકો માટે સાવધાનીને લઈને ટુ-વ્હીલર ચાલકોએ પતંગ ઉડતા હોય તેવા વિસ્તારોમાં વાહન ધીમે ચલાવવું.

ગળાના રક્ષણ માટે સ્કાફ બાંધવો અથવા ફુલ-ફેસ હેલ્મેટનો ઉપયોગ કરવો અને રસ્તા પર પડેલા દોરાથી સાવધ રહેવું.

બાળકો અને ટેરેસની સુરક્ષા માટે બાળકોએ હંમેશા વડીલોની દેખરેખ હેઠળ જ પતંગ ઉડાવવો.

ટેરેસ પર દોડધામ ન કરવી અને અસુરક્ષિત ટેરેસ કે જ્યાં દીવાલ ન હોય ત્યાં જવાનું ટાળવું.

AMAના પ્રમુખ ડૉ. જીગ્નેશ શાહે જણાવ્યું હતું કે, જો કોઈને ઈજા થાય, તો નાની ઈજાને પણ અવગણશો નહીં. જો લોહી વહી રહ્યું હોય, તો તે ભાગ પર દબાણ આપવું અને મોડું કર્યા વગર તરત જ નજીક સારવાર સ્થળે પહોંચી જવું.



ઉત્તરાયણ નિમિત્તે ઉધીંયુ અને જલેબી મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭



100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫
અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.




## ભૂતકાળમાં ગીફ્ટ મનીને લઈને રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ અટકયા હતા ત્યારે તાજેતરમાં

# અનેક સોસાયટીઓમાં ગીફ્ટ મની અપાતા રીડેવલપમેન્ટમાં નવો ઉત્સાહ ..!!

### ખાનગી સોસાયટીઓની રીડેવલમેન્ટની પ્રક્રિયાની વાત કરીએ તો મોટાભાગની સોસાયટીઓમાં ભાડાની સાથે સાથે ફર્નીચર પેટે નાની મોટી રકમ ગીફ્ટ મની આપવામાં આવે છે આ ઉપરાંત ટીવી કે એસી સહિતની ગીફ્ટો પણ આપવામાં આવી રહી છે ત્યારે હાઉસીંગના રહીશોને પણ ગીફ્ટ મની આપવામાં આવે તેવી માંગ

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : શહેરમાં નારણપુરા, સોલા સહિત પૂર્વના અનેક વિસ્તારોમાં રીડેવલપમેન્ટની કામગારી પુરજોશમાં ચાલી રહી છે. અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ મુદ્દે નવેસરથી ચર્ચાઓ ઉઠી છે. અત્યાર સુધી હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં સૌથી મોટી માંગ એટેલે કે મોટુ બાંધકામ અને ગીફટ મની છે.જેના કારણે અનેક સોસાયટીઓના રીડેવલપમેન્ટના કામકાજ ધીમીગતિએ ચાલી રહ્યા છે તો ક્યાંક અટકયા છે.પ્રથમ તો મોટા બાંધકામનો પ્રશ્ન તો હવે ચર્ચાઓમાં રહ્યો નથી, કારણ કે રીડેવલપમેન્ટ પોલીસી મુજબ મુળ બાંધકામ કરતા ૪૦ ટકા વધુ બાંધકામ લોકોને મળી રહ્યું છે.પરંતુ ગીફ્ટ મનીને કયાંક ફર્નીચરના તરીકે, તો કયાંય રોકડ તરીકે ગીફ્ટ મનીની ડિમાન્ડ થઈ રહી છે.

એક ચર્ચા મુજબ નારણપુરા, સોલા અને પૂર્વમાં અનેક સોસાયટીઓમાં બિલ્ડર દ્વારા ગીફ્ટ મની કે ફર્નીચર તરીકે રોકડ આપવામાં આવતા લોકોમાં રીડેવલપમેન્ટ પ્રત્યે ઉત્સાહ વધ્યો છે.

નારણપુરા અને સોલા વિસ્તારમાં શરૂઆતમાં કેટલીક સોસાયટીઓમાં ગીફ્ટ મની નહીં અપાતા લોકોમાં નારાજગી જોવા મળી હતી, પરંતુ છેલ્લાં ઘણા સમયથી અનેક બિલ્ડર દ્વારા અનેક સોસાયટીઓમાં ફર્નીચર તરીકે ગીફ્ટ મની આપતા રહીશોમાં આનંદની લાગણી વ્યાપી છે.અને હજુ પણ આવનાર સમયમાં અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ કાર્યરત છે, તો દરેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની કામગીરીમાં ગીફ્ટ મની અપાય તેવી લોકોની માંગણી છે.

તમને જણાવી દઈએ કે ભૂતકાળમાં નારણપુરામાં નીધી એપાર્ટમેન્ટમાં ગીફ્ટ મની તરીકે ૫ લાખ અને શાસ્ત્રીનગરમાં એમ બ્લોકમાં બિલ્ડર દ્વારા ગીફ્ટ મની તરીકે ૧૦ ગ્રામ સોનાની લગડી આપવામાં આવી છે. આ અગાઉ પણ વસ્ત્રાપુરના આનંદવિહાર એપાર્ટમેન્ટ, નારણપુરાના એકતા ફેસ્ટિવલ, નવા વાડજના કીરણપાર્કમાં ગીફ્ટ મની આપ્યા હોવાની લોકમુખે ચર્ચા થઈ રહી છે.

જો કે સરકારની હાઉસીંગની રીડેવલમેન્ટ પોલીસીમાં કયાંય ગીફ્ટ મનીનો ઉલ્લેખ નથી, સાથે સાથે એવો પણ કોઈ ઉલ્લેખ નથી કરાયો કે જેમાં કહેવામાં આવ્યું છે કે ગીફ્ટ મની ન આપવી, જો હોય તો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હોય કે ગીફ્ટ મની પર પ્રતિબંધ છે.આમ પોલીસી વખતે ગીફ્ટ મની મુદ્દે લોકો પર છોડી દેવામાં આવ્યું હોવાનું જાણકારો માની રહ્યાં છે.જયાં રહીશો અને બિલ્ડર વચ્ચે સહમતી સધાય તો આપી શકાય અને ન સધાય તો ઈન્કાર પણ કરી શકાય એમ છે.

આમ સરકારની રિડેવલપમેન્ટ પોલીસીની વાત માનીએ તો સરકાર કે હાઉસીંગ બોર્ડ ગીફ્ટ મનીને લઈને કયાંય વચ્ચે આવતું નથી. આ મુદ્દો હાઉસીંગના રહીશો અને બિલ્ડર પર છોડી દીધો હોવાનું મનાઈ રહ્યું છે.

આમ તાજેતરમાં નારણપુરાની નારણપુરામાં નીધી એપાર્ટમેન્ટમાં ગીફ્ટ મની તરીકે ૫ લાખ અને શાસ્ત્રીનગરમાં એમ બ્લોકમાં બિલ્ડર દ્વારા ગીફ્ટ મની તરીકે ૧૦ ગ્રામ સોનાની લગડી આપવામાં આવતા હાઉસીંગના રહીશો ગેલમાં આવી ગયા છે.અને આવનાર સમયમાં તેઓને રીડેવલપમેન્ટ બાદ ગીફ્ટ મની મળશે એવી આશા સેવી રહ્યા છે.

# અમદાવાદની આ હાઉસિંગ સોસાયટીએ GHBને બાજુએ રાખી સેલ્ફ-રીડેવલપમેન્ટ કરવાનો લીધો નિર્ણય

### આંબાવાડી વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડ (GHB)એ બનાવેલી ૫૦ વર્ષ જૂની શાસ્ત્રી પાર્ક સોસાયટીના સભ્યોએ રીડેવલપમેન્ટને લઈને લીધો મહત્વનો નિર્ણય

અમદાવાદ : અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડ (GHB)એ બનાવેલી શાસ્ત્રી પાર્ક સોસાયર્ટીના સભ્યોએ એક મહત્વનો નિર્ણય લીધો છે. આ સોસાયટી ૫૦ વર્ષ જૂની છે અને તેના સભ્યોએ GHBની મદદ વગર સેલ્ફ-રીડેવલપમેન્ટની પ્રક્રિયા શરૂ કરી છે. તેમણે હાઉસિંગ બોર્ડ દ્વારા થતા રીડેવલપમેન્ટમાં પડતા ડખાઓને ધ્યાનમાં રાખી આ નિર્ણય લીધો છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, શહેરના આંબાવાડીમાં નેહરુનગર સર્કલ પાસેની શાસ્ત્રી પાર્ક રેસિડેન્શિયલ સોસાયટીના રહેવાસીઓએ તેમના હાઉસિંગ કોમ્પ્લેક્સના સેલ્ફ-રીડેવલપમેન્ટની શરૂઆત કરી છે, GHB-ની આગેવાની હેઠળના રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાં વિલંબ, વિવાદો અને કથિત અનિયમિતતાઓની ચિંતા વચ્ચે ગુજરાત હાઉસિંગ બોર્ડ (GHB) ને બાયપાસ કરવાનું પસંદ કર્યું છે.સોસાયટીના સભ્યોનું કહેવું છે કે, તેમની પાસે પ્રોપર્ટીના રજિસ્ટર્ડ કન્વેયન્સ ડીડ છે, જેના આધારે તેઓ જમીન અને મકાનના અસલી માલિક છે. હવે આ જમીન પર હાઉસિંગ બોર્ડનો કોઈ કાયદેસરનો હક નથી.




કાનૂની સલાહકાર દ્વારા જારી કરાયેલ જાહેર નોટિસમાં, સોસાયટીએ જણાવ્યું હતું કે તે ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ માંગશે અને વૃદ્ધ સંકુલને રીડેવલપમેન્ટ કરવા માટે પ્રતિષ્ઠિત વિકાસકર્તાઓ પાસેથી દરખાસ્તો આમંત્રિત કરશે, જે મૂળ GHBદ્વારા બનાવવામાં આવ્યું હતું અને હવે ૫૦ વર્ષથી વધુ જૂનું છે.૨૪ સભ્યો અને લાભાર્થીઓમાંથી, ૧૯ રહેવાસીઓએ (૭૫%) લેખિત સંમતિ આપી છે. સભ્યોએ રજિસ્ટર્ડ કન્વેયન્સ ડીડ્સ દ્વારા મિલકતની સંપૂર્ણ માલિકીનો દાવો કર્યો હતો, ભારપૂર્વક જણાવ્યું હતું કે GHBપાસે હવે જમીન અથવા માળખા પર કોઈ કાનૂની સત્તા નથી.

સોસાયટીએ GHBને કોઈપણ વહીવટી હસ્તક્ષેપ સામે ચેતવણી આપી છે, ચેતવણી આપી છે કે તે પરિવહન કાર્યો અને પ્રોમિસરી એસ્ટોપેલના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરશે. તેણે વાંધા અથવા દાવાઓને પણ આમંત્રિત કર્યા છે, જો કોઈ હોય તો, તેના એડવોકેટને સાત દિવસમાં દસ્તાવેજી પુરાવા સાથે સબમિટ કરવા, જે પછી રીડેવલપમેન્ટ પ્રક્રિયા આગળ વધશે.



# વિકાસના નામે વિઘ્ન: આખું અમદાવાદ શહેર ખોદી નાખ્યું, ૧૨૬ ડાયવર્ઝનથી વાહનચાલકો બેહાલ

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ: શહેરમાં હાલ ડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. વિવિધ બ્રિજના કામો અને ડ્રેનેજ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા હોવાથી બંધ કરીને ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ, શહેરમાં વિવિધ ૧૨૬ ડાયવર્ઝન છે. જેણે શહેરને સંપૂર્ણ બાનમાં લીધું હોય તેમ લાગે છે. ડાયવર્ઝનના કારણે થતાં ટ્રાફિક જામથી ૧૦ મિનિટનો રસ્તો કાપતા ૩૦ થી ૬૦ મિનિટ સુધીનો સમય થાય છે.

**ડાયવર્ઝનની વિગતો**

બ્રિજ નિર્માણ – ૨૬
અંડરબ્રિજ નિર્માણ અને બ્રિજ રિનોવેશન – ૩૩
ડ્રેનેજ સંબંધિત કામો/સમારકામ – ૩૩
RCC રોડ નિર્માણ – ૬
પેવર બ્લોક, રિસરફેસિંગ, ખાડા પૂરવા અને BRTS ટ્રેક રિપેરિંગ – ૨૮

**વાહનચાલકોની ફરિયાદ છે કે જે અંતર કાપતા પહેલા માંડ ૧૦ મિનિટ લાગતી હતી, ત્યાં હવે ૩૦ થી ૬૦ મિનિટ સુધી અટવાઈ જવું પડે છે...**

**મુસાફરોની હાલત કફોડી**

મળતી વિગત પ્રમાણે, શહેરના વિવિધ રસ્તાઓ પર ૧૨૬ જેટલા ટ્રાફિક ડાયવર્ઝનને કારણે મુસાફરોની હાલત કફોડી બની છે, જેને કારણે રોજિંદી અવરજવર એક મોટી મુસીબત બની ગઈ છે. જે સમસ્યા પહેલા માત્ર પીક-અવર્સ પૂરતી મર્યાદિત હતી, તે હવે આખો દિવસ ચાલતી કનડગત બની ગઈ છે, જે સવારથી સાંજ સુધી શહેરના મુખ્ય માર્ગોને બ્લોક કરી દે છે. આ ડાયવર્ઝનને કારણે અનેક જંક્શનો પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ છે. વાહનચાલકોની ફરિયાદ છે કે જે અંતર કાપતા પહેલા માંડ ૧૦ મિનિટ લાગતી હતી, ત્યાં હવે ૩૦ થી ૬૦ મિનિટ સુધી અટવાઈ જવું પડે છે.

**કેમ લાગે છે લાંબા લાઈનો**

ડાયવર્ઝનના કારણે ઓફિસે જનારા લોકો મોડા પડી રહ્યા છે, એમ્બ્યુલન્સને ભીડવાળા રસ્તાઓમાંથી નીકળવામાં મુશ્કેલી પડી રહી છે, સ્કૂલ બસો મોડી પડે છે અને ઈંધણનો બગાડ પણ વધી ગયો છે. સૂત્રોના કહેવા પ્રમાણે આટલા બધા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો એકસાથે હાથ ધરવા જોઈએ નહીં. અનેક ઝોનમાં રસ્તાઓ ખોદાયેલા હોવાથી વાહનને આવવા-જવાની જગ્યા મળતી નથી, પરિણામે લાંબી કતારો લાગે છે.

**૬૦૦ TRB જવાનો તૈનાત**

જનતાના રોષને જોતા, શહેર ટ્રાફિક પોલીસ મહત્વના જંકશનો પર ટ્રાફિક સંચાલનમાં મદદ કરવા માટે લગભગ ૬૦૦ TRB જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. જોકે, આયોજનની ખામીને કારણે ઉભી થયેલી સમસ્યા માત્ર માનવબળથી ઉકેલાશે કે કેમ તે સ્પષ્ટ નથી. હાલમાં તો, વાહનચાલકો સમય, ઈંધણ અને ધીરજ ગુમાવી રહ્યા છે.


ડાયવર્ઝનની વિગતો
બ્રિજ નિર્માણ – ૨૬
અંડરબ્રિજ નિર્માણ અને બ્રિજ રિનોવેશન – ૩૩
ડ્રેનેજ સંબંધિત કામો/સમારકામ – ૩૩
RCC રોડ નિર્માણ – ૬
પેવર બ્લોક, રિસરફેસિંગ, ખાડા પૂરવા અને BRTS ટ્રેક રિપેરિંગ – ૨૮

### મ્યુનિ. ફુડ વિભાગ દ્વારા

# પાણીપુરીની લારીઓ પર સઘન ચેકીંગ

અમદાવાદ : ઈન્દોર અને ગાંધીનગરમાં વકરી રહેલ પાણીજન્ય રોગચાળાને ધ્યાનમાં લઈ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તાકીદે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે જેના ભાગરૂપે મંગળવારે પાણીપુરી બનાવવામાં આવે છે તે સ્થળોએ તેમજ પાણીપુરીની લારીઓ પર સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું અને વહીવટી કાર્યવાહી કરી હતી. મ્યુનિ. આરોગ્ય અધિકારી ડો. ભાવિન જોષીના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગચાળો વકરે નહી તે માટે મંગળવારે વહેલી સવારથી બિનઆરોગ્યપ્રદ પદાર્થના નાશ કરવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીનો પાણીપુરીનું પાણી, ચટણી જેવા અખાદ્ય પદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો તેમજ તેના સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. મ્યુનિ. હેલ્થ ફુડ વિભાગ દ્વારા શહેરમાં કુલ ૧૫૨ પાણીપુરીની લારીઓ પર ચકાસણી કરવામાં આવી હતી જે પૈકી ૯૦ ને નોટિસ ઈશ્યુ કરી હતી તેમજ અંદાજીત ૫૪૪ કિ.ગ્રા. ખાદ્ય પદાર્થ અને ૪૨૮ લીટર પાણીનો સ્થળ પર જ નાશ કર્યો હતો અને કુલ રૂા.૨૧૨૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. શહેરના દક્ષિણ ઝોનમાં ૫૩, પૂર્વ-૨૭, અને મધ્યમાં ૧૦ પાણીપુરી એકમોને નોટીસ આપવામાં આવી છે તેવી જ રીતે દક્ષિણ ઝોનમાં ૯૭૦૦ અને પૂર્વ ઝોનમાં ૧૧૫૦૦ની રકમ દંડ પેટે વસુલ કરવામાં આવી છે. ફુડ ડિપાર્ટમેન્ટ દ્વારા લેવામાં આવેલ સેમ્પલ પબ્લીક હેલ્થ લેબોરેટરી ખાતે તપાસ માટે મોકલી આપવામાં આવે છે તેમજ દક્ષિણ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા પાણીપુરીની લારીઓ જપ્ત કરવાની કામગીરી પણ કરવામાં આવી છે. શહેરીજનોના આરોગ્યને ધ્યાનમાં લઈ આગામી સમયમાં પણ આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.







Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.